AIથી નકલી RC બુક બનાવી ચોરીની બાઈકનું થતું વેચાણ

ChatGPT અને PicsArtનો ઉપયોગ કરી ચોરીની બાઈક વેચતા બે ઝડપાયા, 12 બાઈક કબજે

સુરતઃ ટેકનોલોજીનો દુરુપયોગ કરી AI એપ્લિકેશન મારફતે ડુપ્લિકેટ આર.સી. બુક બનાવી ચોરીના વાહનો વેચતી શાતિર ગેંગના બે આરોપીને પોલીસે ૧૨ ચોરીની મોટરસાઇકલ સાથે ઝડપી પાડ્યા છે.

લિંબાયત પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસો નીલગીરી સર્કલ પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે વાહન ચોર બે શખ્સને આંતરીને પકડી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં મોઈન સુલતાન શેખ (ઉ.વ.૨૮, ધંધો- રેપિડો રાઇડર) અને સોયેબ યુસુફ શેખ (ઉ.વ.૨૨, ધંધો- મજૂરી, બંને રહે., મીઠીખાડી, લિંબાયત, સુરત)નો સમાવેશ થાય છે. આરોપીઓની પૂછપરછમાં તેમની મોડસ ઓપરેન્ડીનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. આરોપીઓ સુરત શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી દિવસ તેમજ રાત્રિના સમયે પાર્કિંગ કરેલી મોટરસાઈકલોની રેકી કરીને ચોરી કરતાં હતા. ચોરી કર્યા બાદ તેઓ PhonePe, PicsArt અને ChatGPT જેવી AI એપ્લિકેશન્સનો ઉપયોગ કરી આબેહૂબ ડુપ્લિકેટ RC બુક બનાવી લેતાં હતા અને તેને અસલ તરીકે દર્શાવી ગ્રાહકોને વાહનો વેચી મારતા હતા. પોલીસે આરોપીઓની કડક પૂછપરછ કરીને તેમની નિશાનદેહી પરથી લિંબાયત, ગોડાદરા, સારોલી, ઉધના અને પુણા પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી થયેલ કુલ ૧૨ મોટરસાઇકલ/મોપેડ તથા ૨ મોબાઇલ ફોન મળી કુલ રૂ.૪,૯૫,૦૦૦/- નો મુદ્દામાલ રિકવર કર્યો છે.

સ્માર્ટ સિટી સાથે સુરત હેરિટેજ સિટી પણ છે, ઐતિહાસિક ઓળખ જળવાવી જોઈએ

ઓલ્ડ સુરતને હેરિટેજ શહેરની જેમ વિકસાવો

જર્મનીના હાઇડેલબર્ગ, ન્યૂરેમ્બરગ અને રોથેનબર્ગ ઓબ ડેર ટાઉબર તેમજ હંગેરીના બુડાપેસ્ટ જેવાં શહેરોને હેરિટેજ વિકસાવાયાં છે

અર્બન પ્લાનર ડો. પંકજ ગાંધીએ શહેર ભાજપ પ્રમુખને રજૂઆત કરી

સુરતઃ આધુનિક વિકાસની સાથે સુરતની ઐતિહાસિક ઓળખ અને સાંસ્કૃતિક વારસાનું જતન થાય એ સમયની જરૂરિયાત છે. અર્બન પ્લાનર, રિસર્ચર, એન્જિનિયર અને સાયન્ટિસ્ટ ડો.પંકજ ગાંધીની સુરત શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ સાથે ઉધના સ્થિત કાર્યાલય ખાતે થયેલી શુભેચ્છા મુલાકાત દરમિયાન 'સ્માર્ટ સુરત'ની સાથે 'હેરિટેજ સુરત' વિકસાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ડો.પંકજ ગાંધીએ જણાવ્યું હતું કે, સુરત આજે ટેક્સટાઇલ, ડાયમંડ, કેમિકલ સહિતનાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં વિશ્વસ્તરીય ઓળખ ધરાવે છે, પરંતુ શહેરની મૂળ ઓળખ તેના ઐતિહાસિક બંદર, જૂના વેપારી માર્ગો, ધાર્મિક સ્થળો, બજારો અને સાંસ્કૃતિક વારસામાં પણ સમાયેલી છે. તેથી નવા સુરતના વિકાસની સાથે તળ સુરતની ઐતિહાસિક ઓળખ જળવાય રહે એ જરૂરી છે. ચર્ચા દરમિયાન વેનિસ, પ્રાગ, લિસ્બન અને પેરિસ સહિતના યુરોપિયન શહેરોનાં ઉદાહરણો આપવામાં આવ્યાં હતાં. આ શહેરોએ આધુનિક વિકાસ સાથે જૂના શહેર વિસ્તાર, ઐતિહાસિક ઈમારતો અને સાંસ્કૃતિક વારસાનું જતન કરી તેને પ્રવાસન સાથે સફળતાપૂર્વક જોડ્યું છે.

જર્મનીના હાઇડેલબર્ગ, ન્યૂરેમ્બરગ અને રોથેનબર્ગ ઓબ ડેર ટાઉબર તેમજ હંગેરીના બુડાપેસ્ટ જેવાં શહેરોમાં પણ હેરિટેજ અને પ્રવાસનના સમન્વયની ચર્ચા કરવામાં આવી હતી.

તળ સુરત માટે હેરિટેજ ટુરિઝમ સરકીટની શક્યતા

ડો.ગાંધીના મતે તળ સુરતના બાલાજી રોડ, અંબાજી રોડ સહિતના પ્રાચીન ધાર્મિક અને સાંસ્કૃતિક વિસ્તારોનું દસ્તાવેજીકરણ કરી હેરિટેજ ટુરિઝમ સરકીટ તરીકે વિકસાવી શકાય છે. જૂની ઇમારતો અને બજારોનું સંરક્ષણ, હેરિટેજ વોક, ડિજિટલ હેરિટેજ મેપિંગ અને પ્રવાસીઓ માટે માહિતી કેન્દ્ર જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવે તો તળ સુરત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.

સુરત બંદરના વહાણવટાના ઈતિહાસનું દસ્તાવેજીકરણ કરવા સૂચન

સુરતના ઐતિહાસિક બંદર અને યુરોપ સાથેના જૂના વેપારી સંબંધોને પણ પ્રવાસન વિકાસ સાથે જોડવાની સંભાવના અંગે ચર્ચા થઈ હતી. 16મીથી 18મી સદી દરમિયાન સુરતનો નેધરલેન્ડ્સ, બ્રિટન, ફ્રાન્સ, પોર્ટુગલ અને ડેનમાર્ક સાથે મહત્ત્વપૂર્ણ દરિયાઈ વેપાર સંબંધ રહ્યો હતો. આ ઐતિહાસિક કડીઓને દસ્તાવેજીકરણ અને પ્રવાસનના માધ્યમથી ઉજાગર કરવામાં આવે તો સુરતને આંતરરાષ્ટ્રીય હેરિટેજ ટુરિઝમના નકશા પર નવી ઓળખ મળી શકે છે.

ખાડીપૂરની સમસ્યા ઉકેલીને જ હું રહીશઃ પ્રભારી કનુ દેસાઈ

મીઠી ખાડીપૂરના અસરગ્રસ્તોએ ગાંધીનગર જઈ મુખ્યમંત્રી સહિત વિવિધ મંત્રીઓને રજૂઆત કરી

સુરતઃ 'મીઠી ખાડી જન આંદોલન'ના પ્રતિનિધિમંડળે સોમવારે ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા અને શહેરી વિકાસ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ સાથે મુલાકાત કરી હતી. પ્રતિનિધિમંડળે ઉચ્ચ નેતાગીરી સમક્ષ મીઠી ખાડીને તેના મૂળ સ્વરૂપમાં લાવવા, પાણીના કુદરતી વહેણમાં ઊભા થતા અવરોધો હટાવવા તેમજ ખાડી કિનારે થયેલાં ગેરકાયદે દબાણો દૂર કરવાની મુખ્ય માંગણીઓ વિગતવાર રજૂ કરી હતી, જેના પર સરકાર તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. રજૂઆત દરમિયાન શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ સમક્ષ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ખાડી કિનારે બનેલા સર્વિસ રોડના કારણે ખાડીનો વિસ્તાર સંકોચાયો હોવાની અને તેની પહોળાઈ ઘટવાની ગંભીર બાબત ધ્યાન પર લાવવામાં આવી હતી. આ સાંભળીને મંત્રી કનુભાઈ દેસાઈએ અસરગ્રસ્તોને ખાતરી આપતા જણાવ્યું હતું કે, ''આ કામ મારા વિભાગ હેઠળ આવે છે અને હું આ કામ કરીને જ રહીશ.'' સાથોસાથ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ આ સમગ્ર વિવાદને ગંભીરતાથી સાંભળીને ખાડી પૂરનો કાયમી તેમજ વૈજ્ઞાનિક ઉકેલ લાવવાના પ્રયાસો કરવાની સંપૂર્ણ ખાતરી આપી હતી. ઉપરાંત રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરિયા સાથે પણ આ પ્રશ્ને વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી. આશ્વાસન બાદ હવે ટૂંક સમયમાં ખાડીની આસપાસથી દબાણો દૂર કરવા સહિતની કઈ નક્કર કામગીરી શરૂ થાય છે તેના પર તમામની નજર મંડાયેલી છે.

તિરંગા યાત્રા માટે તૈયારી, વાય જંક્શન પર દેશ પ્રેમનો ઉન્માદ

(તસવીર : સતીષ જાદવ)

આગામી સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે સુરતમાં નીકળનારી તિરંગા યાત્રાની જોરશોરથી ચાલી રહી છે. ડુમસ વાય જંક્શન ખાતે સુરત શહેરની વિવિધ પોલીસ ટુકડીઓ દ્વારા રીહર્સલ હાથ ધરાયું હતું. પોલીસ ટીમનો જુસ્સો જોઈ હાજર સૌ કોઈ દેશદાઝથી અભિભૂત થઈ ઊઠ્યા હતા.

રોકાણના નામે રૂ. ૪૨.૯૮ લાખની ઠગાઈમાં ગેંગ પકડાઈ

સુરત સાયબર ક્રાઈમ સેલે જૂનાગઢથી ૨ મ્યુલ એકાઉન્ટ હોલ્ડરને દબોચ્યા

સુરત : શેર ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચ આપી નાગરિકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી સાયબર ક્રાઈમની આંતરરાજ્ય ગેંગબેને પોલીસે જુનાગઢથી પકડી પાડ્યા છે. આ ઠગ ટોળકી દ્વારા દેશભરમાં જુદા જુદા રાજ્યોમાં રૂપિયા ૪.૦૩ કરોડથી વધુનો સાયબર ફ્રોડ આચરવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

કમિશનની લાલચે બેંક એકાઉન્ટ ભાડે આપતા હતા

૧. ગૌતમકુમાર પ્રવિણભાઇ લાઠીગરા (ઉ.વ.૩૩, રહે. જુનાગઢ) ના ખાતામાં ફરિયાદીના રૂપિયા ૨ લાખ ટ્રાન્સફર થયા હતા. તેણે પોતાનું બેંક એકાઉન્ટ કમિશનની લાલચે સહ-આરોપીને સોંપ્યું હતું. ૨. સચિનકુમાર હરસુખલાલ ટીટા (ઉ.વ.૪૨, ધંધો- જમીન મકાન દલાલી, રહે. જુનાગઢ)એ ગૌતમકુમારનું ખાતું રૂપિયા ૧૫,૦૦૦ના કમિશન પર મુખ્ય આરોપીઓને ફ્રોડ કરવા માટે આપ્યું હતું.

સમન્વય પોર્ટલ પર દેશભરની ૩ ફરિયાદનો ખુલાસો

પોલીસ તપાસ દરમિયાન આરોપીઓના બેંક એકાઉન્ટની 'સમન્વય પોર્ટલ' પર ચકાસણી કરતા અન્ય રાજ્યોની કુલ ૩ જેટલી સાયબર લેભાગુ ફરિયાદો સાથે તેઓના તાર જોડાયેલા હોવાનું ખુલ્યું છે, જેમાં કુલ રૂપિયા ૪,૦૩,૦૦,૧૫૭ નો ફ્રોડ આચરવામાં આવ્યો છે.

રિક્ષાચાલક અને તેના સાગરીતોએ ૨.૮૦ લાખની ચેઇન કાઢી લીધી

મંદિરે દર્શન કરવા નીકળેલાં વૃદ્ધાને 'માસી બસનું ભાડું લેવાશે' કહી રિક્ષાગેંગે છેતર્યા

સુરત : મંદિરે દર્શન કરવા જતા વૃદ્ધાને રિક્ષામાં બેસાડી ૨.૮૦ લાખની સોનાની ચેઇન કાઢી લેવામાં આવી હતી.

સિંગણપોર-ડભોલી લિંક રોડ સ્થિત શુભમ એલીગન્સમાં રહેતા અને ઘરકામ કરતા ૬૦ વર્ષીય મધુબેન શામજીભાઇ કળથીયા ગત તારીખ ૦૯/૦૮/૨૦૨૬ ના રોજ સવારના આશરે સવા નવેક વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કંથારીયા હનુમાન મંદિરે દર્શન કરવા માટે રિક્ષામાં બેઠા હતા. રિક્ષામાં અગાઉથી જ ડ્રાઇવરની બાજુમાં એક પુરુષ તેમજ પાછળની સીટ પર એક મહિલા અને અન્ય એક પુરુષ પેસેન્જર તરીકે બેઠેલા હતા. જે પૈકી મહિલાએ મારે નજીક જ ઉતરવું છે તેમ કહી ડ્રામા કરી મધુબેનને વિશ્વાસમાં લીધા હતા અને તેમને વચ્ચે બેસાડ્યા હતા. થોડે આગળ ગયા બાદ રિક્ષાચાલકે આગળના ટાયરમાં હવા ઓછી હોવાનું બહાનું કાઢી રિક્ષા ઊભી રાખી હતી અને બાજુના પુરુષને પાછળ મોકલી ભીડ ઊભી કરી હતી. બાદમાં કંથારીયા હનુમાન મંદિર સામે પહોંચતાં જ ભાડું લીધા વિના જ રિક્ષાચાલક તેમને ઉતારીને ઝડપથી ભાગી ગયો હતો. રિક્ષામાંથી ઉતર્યા બાદ મધુબેનને પોતાની 2.80 લાખની ચેઇન ગાયબ થયાનું ધ્યાને આવ્યું હતું. જેથી તેમણે સિંગણપોર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

લાલગેટના કાપડ દલાલ સાથે ૨ લાખનો માલ સેરવી લઈ ઠગાઈ

સેમ્પલ પસંદ કરી રૂપિયા ૨ લાખના નાઈટ ડ્રેસ મંગાવી માણસને ધમકાવી વેપારી નજર ચૂકવી ભાગી છૂટ્યો

સુરત : લાલગેટ વિસ્તારમાં કાપડના દલાલને વિશ્વાસમાં લઈ પૂર્વ આયોજિત કાવતરું રચી રૂપિયા ૨ લાખથી વધુની કિંમતનો રેડીમેડ કપડાંનો જથ્થો બારોબાર સેરવી જઈ છેતરપિંડી કરાઈ હતી.

મૂળ મહારાષ્ટ્રના મીરા રોડ ખાતે રહેતા અને સુરતમાં કાપડ દલાલીનો ધંધો કરતા ૪૪ વર્ષીય જીગ્નેશ રામજીભાઈ નગવાડીયા ગત તારીખ ૦૭/૦૮/૨૦૨૬ ના રોજ કાપડના દલાલ ઈકબાલના સંપર્કમાં આવ્યા હતા. ઈકબાલે નાના છોકરાઓના રેડીમેડ કપડાંનો સ્ટોક જોઈએ છે તેમ જણાવતાં જીગ્નેશભાઈએ ગોડાદરા સ્થિત 'રઘુવંશી ટેક્ષટાઈલ'ના માલિક યોગેશભાઈ પાસેથી તા. ૦૮/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ૩:૦૦ વાગ્યાના સુમારે રૂપિયા ૨,૦૦,૬૪૦ ની કિંમતના નાના છોકરાઓના રેડીમેડ નાઈટ ડ્રેસ ખરીદી ઈકબાલના નામે બિલ બનાવ્યું હતું. આ માલ લોડિંગ રિક્ષા મારફતે સાંજે ૪:૦૦ વાગ્યે લાલગેટ, તક્ષશીલા એપાર્ટમેન્ટ પાસે લાવવામાં આવ્યો હતો. માલ સાચવવા માટે જીગ્નેશભાઈએ તેમના માણસ જીતુભાઈ પટેલને ત્યાં બેસાડ્યા હતા.પરંતુ જીતુને પોતાના સાથી મારફત ભગાડી મૂકી બાદમાં માલ લઈને ઈકબાલ ફરાર થઈ ગયો હતો. જીગ્નેશભાઈએ લાલગેટ પોલીસ મથકમાં ઈકબાલ અને અન્ય સામે ફરિયાદ નોંધાવી હતી.

ડિંડોલીમાં ચાલતાં ગેરકાયદે બોરિંગને મંજૂરી આપવાનો CGWBનો ઈન્કાર

હાઇકોર્ટના આદેશથી અગાઉ સીલ ખૂલ્યું હતું, મનપાની ફરી નોટિસ બાદ એનઓસી માટે દોડધામ

સુરતઃ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ દ્વારા ડિંડોલી-ગાયત્રીનગર વિસ્તારમાં વર્ષોથી ગેરકાયદે રીતે બોરિંગ કરી મોટા પાયે ભૂગર્ભ જળ ખેંચી તેને ટેન્કરો મારફતે ઔદ્યોગિક એકમો અને અન્ય ખાનગી યુનિટ્સને વેચવાનો ધંધો કરતાં તત્ત્વોની અરજી નામંજૂર કરી દેતાં હવે તંત્રની કાર્યવાહીનો માર્ગ મોકળો થયો છે.

લિંબાયત ઝોનની હદમાં ટીપી સ્કીમ નં.62માં ડિંડોલી-ભેદવાડ-ભેસ્તાન વિસ્તારમાં આવેલા ગાયત્રીનગર-એ/1 સોસાયટીના પ્લોટ નં.414થી 420 તથા બ્લોક નં.310ના ફાઇનલ પ્લોટ નં.115માં અલગ અલગ સ્થળે બોરવેલ કરી મોટી માત્રામાં ભૂગર્ભ જળ ખેંચી વેચાણ થતું હોવાની ફરિયાદો બાદ મનપાએ અગાઉ બોરિંગ સીલ કર્યાં હતાં. જોકે, પાણીના ધંધા સાથે સંકળાયેલી વ્યક્તિ દ્વારા હાઇકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી અને કોર્ટના આદેશ બાદ મનપાએ સીલ ખોલી આપ્યું હતું. બાદ મનપાએ ફરી નોટિસ આપતાં બોરિંગના સંચાલક દ્વારા કાયદેસર મંજૂરી મેળવવા સીજીડબ્લ્યૂબીના વેસ્ટ-સેન્ટ્રલ રિજન સમક્ષ ઓનલાઇન એનઓસી માટે અરજી કરવામાં આવી હતી. અરજી સાથે સંબંધિત દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, સીજીડબ્લ્યૂબીએ સમગ્ર મામલાની તપાસ બાદ આ અરજી નામંજૂર કરી દીધી છે.

ગત સપ્તાહે સીજીડબ્લ્યૂબીના રિજનલ ડિરેક્ટરે સુરત કલેક્ટરને પત્ર પાઠવી કાયદા હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરી ગેરકાયદે બોરિંગ સીલ કરવા, વીજળીનો પુરવઠો બંધ કરવા તેમજ જવાબદાર વ્યક્તિ સામે અન્ય કાયદાકીય કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી છે. સ્થાનિક ફરિયાદો મુજબ ડિંડોલી-ગાયત્રીનગર વિસ્તારમાં 10 હજારથી 15 હજાર લિટરની ક્ષમતા ધરાવતાં ટેન્કર્સ મારફતે ભૂગર્ભ જળ ઔદ્યોગિક તથા અન્ય ખાનગી એકમોમાં વેચવામાં આવતું હોવાનો આક્ષેપ છે. હવે સીજીડબ્લ્યૂબી દ્વારા એનઓસીની અરજી ફગાવી દેવામાં આવી છે અને કલેક્ટરને પણ કાર્યવાહી માટે પત્ર પાઠવવામાં આવ્યો હોવાથી વર્ષોથી ચાલતા આ કથિત ભૂગર્ભ જળના ધંધા સામે તંત્ર ક્યારે અને કેટલી કડક કાર્યવાહી કરે છે તેના પર નજર છે.

સુરતને સરકાર દ્વારા 770 કરોડની વિકાસનાં કામો માટે ગ્રાન્ટ અપાઈ

સુરતના સર્વાંગી વિકાસ અને માળખાકીય પ્રોજેક્ટ્સને નવો વેગ મળશે

જકાતની આવક છીનવી લીધા બાદ ગ્રાન્ટ ફાળવવામાં સરકારની કંજૂસાઇ મનપા માટે ખતરાની ઘંટી

એક સમયે સુરત મનપા દેશની સૌથી સમૃદ્ધ મનપા ગણાતી હતી, જો કે જકાતની આવક તેના માટે ક્રોડરજ્જુ સમાન હતી પરંતુ વર્ષ 2007માં જકાત નાબુદીનો નિર્ણય લીધા બાદ સરકારે મનપાની આર્થિક ક્રોડરજ્જુ જ તોડી નાંખી અને જકાતી અવેજીમાં આપવાની થતી ગ્રાન્ટ આપવામાં સતત કંજુસાઇ દાખવવામાં આવી રહી છે. સુરત ભાજપનુ નબળુ નેતૃત્વ સરકાર સામે આંખ મીલાનીને વાત કરતું નથી તેથી ઘણા પ્રોજેક્ટ અને વિકાસના કામોની ગતિ ધીમી થઇ જવા પામી છે.

સુરતઃ મંગળવારે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત ચેક વિતરણ સમારોહ યોજાયો હતો. આ ખાસ કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા સુરત શહેરના સર્વાંગી વિકાસ માટે 770 કરોડની માતબર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન, મેયર માયા માવાણી તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરત મનપા દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં વિવિધ વિકાસ કામો અને સુવિધાના કામો માટે 2000 કરોડથી વધુના કામો રજુ કરીને ગ્રાન્ટની માંગણી કરી છે. જે પૈકી આ પ્રથમ તબક્કાની ગ્રાન્ટ ફાળવાઇ છે. 770 કરોડની ગ્રાન્ટથી શહેરના માળખાકીય અને પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સને નવી દિશા મળશે. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી આ નાણાકીય સહાય થકી સુરત શહેરના ભૌતિક વિકાસને નવી ઉર્જા અને સ્પીડ મળશે, જેનાથી શહેરીજનો માટે વિવિધ સુવિધાઓ સુચારૂ બનાવવામાં મદદ મળશે.

સંક્ષિપ્ત સમાચાર

ઓરો યુનિવર્સિટીમાં સંકલિત શિક્ષણ પર આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ

સુરતઃ AURO યુનિવર્સિટી, સુરત ખાતે 'Integral Education: Theory, Practice and Transformation' વિષય પર 10 અને 11 ઓગસ્ટે બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી. શરૂઆત યુનિ.ના પ્રોવોસ્ટ પ્રોફ. પરિમલ એચ. વ્યાસ દ્વારા કરાઈ હતી. પ્રોફે. નિમેષ જોશી દ્વારા રૂપરેખા રજૂ કરાઈ હતી. ઓરોબિંદો આશ્રમના ડો. અલોક પાંડે દ્વારા 'Sri Aurobindo and The Mother on Integral Education' વિષય પર સંબોધન કરાયું. જ્યારે ડો. અંજલિ જયપુરિયાએ સંકલિત શિક્ષણના પોતાના અનુભવો રજૂ કર્યા હતા. પ્રથમ દિવસે રંજન મિત્તર, ડો. વી.આનંદ રેડ્ડી, ડો. અજિત સબનિસ અને ડો. સંજીવ રંગનાથ દ્વારા વિવિધ વિષયો પર ચર્ચા કરાઈ હતી. સમાપનમાં ડો. વ્હાલદિમિર ચાત્સેન્કો, ડો. રેડે ફાઓ અને ડો. કિરણસિંગ જોડાયા હતા. બીજા દિવસે ડો. શીવ કુમાર, ડો. જયંતિ રામચંદ્ર, ડો. છલામાયી રેડ્ડી દ્વારા પોતાના વિચારો રજૂ કરાયા. ડો. અંજલિ જયપુરીયા અને ડો. જયંતી રામચંદ્રા દ્વારા પેનલ ચર્ચા કરાઈ હતી.

લાયન્સ ક્લબ ઓફ સુરત મૈત્રીનો ઈન્સ્ટોલેશન સેરેમની યોજાયો

સુરતઃ લાયન્સ ક્લબ ઓફ સુરત મૈત્રીનો 29મો ઈન્સ્ટોલેશન સેરેમની ભવ્ય રીતે યોજાયો હતો. લાયન કીર્તિભાઈ શાહે (પ્રોગ્રામ કમિટી ચેરમેન) જણાવ્યું હતું કે, લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232F2, રીજન-2, ઝોન-2 અંતર્ગત Lions Club of Surat Maitri દ્વારા 29મો ઈન્સ્ટોલેશન સેરેમની ભવ્ય અને યાદગાર માહોલમાં યોજાયો હતો. શરૂઆતમાં પાસ્ટ પ્રેસિડેન્ટ લાયન પ્રીતિ કિનારીવાળા દ્વારા વેલકમ સ્પીચ અપાઈ હતી. બાદમાં નવા 10 સભ્યોને લાયન દર્શના તુરખીયા દ્વારા ઈન્ડક્ટ કરાયા હતા. લાયન મહેન્દ્ર પ્રજાપતિ દ્વારા મોના દેસાઈનો પરિચય અપાયો હતો. બોલિવૂડ થઈમ પર ઈન્સ્ટોલેશન કરાયું હતું. જેમાં લાયન હીના પ્રજાપતિને લાયન્સ ક્લબ ઓફ સુરત મૈત્રીના પ્રમુખ, મહેન્દ્ર પ્રજાપતિને સેક્રેટરી તેમજ સંજય દેસાઈને ખજાનચીની જવાબદારી સોંપવામાં આવી હતી. ચીફ ગેસ્ટ ડો. મનિષા વ્યાસ દ્વારા સંબોધન કરાયું હતું.

ધ રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલમાં આંતરશાળા પ્રિ-પ્રાઈમરી સ્પર્ધા યોજાઈ

સુરતઃધ રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલ (CBSE), દાંડી, નરથાણ (સુરત) દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 દરમિયાન સુરતમાં પ્રથમ વખત શાળાકક્ષાએ પૂર્વ-પ્રાથમિક (પ્રિ-પ્રાયમરી) વિભાગના નાના બાળકો માટે એક વિશેષ આંતરશાળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા 8 ઓગસ્ટ, 2026ના રોજ યોજાઈ હતી. જેમાં જુનિયર કે.જી. (Jr. KG) અને સિનિયર કે.જી. (Sr. KG) ના 4 થી 6 વર્ષની વયજૂથના બાળકોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં બાળકોએ સર્જનાત્મક કપડાં પહેર્યા હતા અને દરેક શાળામાંથી 6 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત બાળકોએ પોતાના નૃત્ય દ્વારા દેશપ્રેમ, એકતા, સાહસ અને રાષ્ટ્રગૌરવની ભાવના વ્યક્ત કરી હતી. દરેક ભાગ લેનાર શાળામાંથી કુલ 12 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહક પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા, જ્યારે વિજેતાઓને ટ્રોફી તથા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આયોજન બદલ ધ રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલના મેનેજિંગ ડિરેક્ટર કિશન માંગુકિયા, કેમ્પસ ડિરેક્ટર ધવલ શીંગાળા તેમજ શાળાના આચાર્યએ ભાગ લેનાર તમામ શાળાઓ, વાલીઓ અને બાળકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ICEAના નવા હોદ્દેદારો વરાયા

સુરતઃ ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટના પ્રમુખ તરીકે પિનાક દેસાઈ, ઉપપ્રમુખ નરેન્દ્ર કોટડીયા, મંત્રી જતીન પટેલ, સહમંત્રી દિપેશ શાહ, ખજાનચી મૃગેશ શાહ અને આઈપીપી તરીકે કમલેશ વૈષ્ણવની વરણી કરાઈ હતી.

ડચ અને આર્મેનિયન કબ્રસ્તાન ખાતે હેરિટેજ વોક યોજાઈ



સુરતઃ વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ગ્લોબલ શેપર્સ કોમ્યુનિટી હેઠળ કાર્યરત સુરત ગ્લોબલ શેપર્સ દ્વારા રવિવારે સુરતના ઐતિહાસિક ડચ અને આર્મેનિયન કબ્રસ્તાન ખાતે હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વોકનો મુખ્ય ઉદ્દેશ સુરતના ઓછા જાણીતા ઐતિહાસિક સ્થળો અને તેની સાથે જોડાયેલી રસપ્રદ કથાઓને લોકો, ખાસ કરીને યુવાનો સુધી પહોંચાડવાનો હતો. હેરિટેજ વોક દરમિયાન યુવાઓને કબ્રસ્તાનમાં આવેલા ઐતિહાસિક સ્મારકો, કબરો, સ્થાપત્ય, શિલાલેખો અને સુરત સાથે જોડાયેલા ડચ તથા આર્મેનિયન સમુદાયના ઈતિહાસ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

પરિવારમાં વડીલ તરીકે તે જ સફળ થયા છે કે જેઓ સહનશીલ હતાઃ પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આંગણે ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ પાવન અવસરે આચાર્યપ્રવરે જણાવ્યું હતું કે, મહાન બનવા માટે શ્રવણશક્તિ તીવ્ર હોવી જોઇએ. અત્યાર સુધી જેટલા પણ મહાન બન્યા છે તે બધાને પોતાના જીવનમાં ઘણું સહન કરવુ પડ્યું હતુ. સોક્રેટીસ હોય કે સંત તુકારામ હોય જેઓ આજે ઇતિહાસના સુવર્ણ પૃષ્ઠ ઉપર અંકિત થયા છે તે બધાના જીવનમાં સહનશક્તિ પરાકાષ્ઠાની હતી. પરિવારમાં વડીલ તરીકે તે જ સફળ થયા છે કે જેઓ સહનશીલ હતા. સત્તાનું સિંહાસન મખમલનું નથી હોતું. એ તો જે એની ઉપર બેસે એને જ ખબર પડે. સત્તાની ખુરશી સુંવાળી નથી હોતી, કાંટાળી હોય છે.